# જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, સુરત શહેર

જુની સિવિલ કોર્ટ બિલ્ડીંગ, પહેલો માળ, બહુમાળી ભવન, નાનપુરા,સુરત-૩૯૫૦૦૧.
ફોન નંબર :- ૦૨૬૧-૨૪૬૫૮૦૮
E-mail :- dsosuratcity35@gmail.com

ક્રમાંક/જરગઅ/ખેમકું.૨૦૧૯/રા.સ્પર્ધા/ ૬૫૧૫ થી ૬૫૬૪ / ૨૦૧૯-૨૦ તા.૧૪/૧૧/૨૦૧૯.

પ્રતિ ,
જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી,ગુજરાત રાજ્ય તમામ
જિલ્લા રમતગમત અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય તમામ.
સીનિયર કોચશ્રી, ગુજરાત રાજ્ય તમામ.

વિષયઃ - ખેલ મહાકુંભ-૨૦૧૯ રાજ્યકક્ષાની ઓપન એઈજ,અબવ-૪૦ અને અબવ-૬૦ બેડમિન્ટન ભાઈઓ/બહેનોની સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ મોકલી આપવા બાબત.

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત પરત્વે જણાવવાનું કે રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા તથા જિલ્લા રમતગમત અધિકારી સુરત શહેર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ-૨૦૧૯ અંતર્ગત રાજ્યકક્ષા ઓપન એઈજ,અબવ-૪૦ અને અબવ-૬૦ બેડમિન્ટન ભાઈઓ/બહેનોની સ્પર્ધા તા.૨૬/૧૧/૨૦૧૯ થી ૩૦/૧૧/૨૦૧૯ દરમ્યાન પંડિત દીનદયાલ ઉપાધ્યાય, ઈન્ડોર સ્ટેડિયમ, અઠવાલાઈન્સ, સુરત મુકામે યોજાનાર છે. આપના જિલ્લાના બેડમિન્ટન સ્પર્ધા માટે ઓન લાઈન કરેલ ખેલાડીઓને જાણ કરી સ્પર્ધક ભાગ લેવા આવનાર હોય તો **E-mail id :-** dsosuratcity35@gmail.com ઉપર નીચે મુજબના ફોર્મેટમા **એન્ટ્રી તા.૨૩/૧૧/૨૦૧૯ સુધી** મોકલવાની રહેશે.રાજ્યકક્ષા બેડમિન્ટન સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે.

**બેડમિન્ટન સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ**

| ક્રમ | વય જુથ | ઈવેન્ટ | રીપોર્ટીંગ તારીખ અને સમય | સ્પર્ધા શરૂ થવાની તારીખ અને સમય | રીપોર્ટીંગઅને સ્પર્ધા સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | અબવ-૪૦ ભાઈઓ/બહેનો અબવ-૬૦ ભાઈઓ/બહેનો | સીંગલ્સ/ ડબલ્સ/ મીક્ષ ડબલ્સ | ૨૬/૧૧/૨૦૧૯ સવારે ૦૯.૦૦ થી ૧૨:૦૦ કલાક સુધી | ૨૬/૧૧/૨૦૧૯ બપોરે ૧૩.૦૦ કલાકે સ્પર્ધા શરૂ. | પંડિત દીનદયાળ ઉપાધ્યાય, ઈન્ડોર સ્ટેડિયમ, અઠવાલાઈન્સ, સુરત |
| ૨ | ઓપન એઈજ ગૃપ ભાઇઓ | સીંગલ્સ/ ડબલ્સ/ મીક્ષ ડબલ્સ | ૨૮/૧૧/૨૦૧૯ સવારે ૦૯.૦૦ થી ૧૨:૦૦ કલાક સુધી | ૨૮/૧૧/૨૦૧૯ બપોરે ૧૩.૦૦ કલાકે | પંડિત દીનદયાળ ઉપાધ્યાય, ઈન્ડોર સ્ટેડિયમ, અઠવાલાઈન્સ, સુરત |
| 3 | ઓપન એઈજ ગૃપ બહેનો | સીંગલ્સ/ ડબલ્સ | ૨૯/૧૧/૨૦૧૯ સવારે ૦૯.૦૦ થી ૧૨:૦૦ કલાક સુધી | ૨૯/૧૧/૨૦૧૯ બપોરે ૧૩.૦૦ કલાકે | પંડિત દીનદયાળ ઉપાધ્યાય, ઈન્ડોર સ્ટેડિયમ, અઠવાલાઈન્સ, સુરત |

Scanned by CamScanner

એન્ટ્રીનો ફોર્મેટ

| ક્રમ | KMK ID | ખેલાડીનું નામ | વય જુથ | ઈવેન્ટ | જિલ્લો | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

નોંધ:- ખેલાડીઓએ રીપોર્ટીંગ સ્થળ ઉપર રીપોર્ટીંગ કર્યા બાદ નિવાસ ફાળવવામાં આવશે.

સ્થાનિક સંપર્ક :- (૧) ઈલ્યાસભાઈ - ૮૮૬૬૧૪૫૭૬૧ (૨) વિપુલ સાધુ : ૯૧૦૬૦૮૩૧૯૮
(3) સુરેશ એચ.ચૌહાણ : ૭૫૬૭૮૪૮૦૨૪, (૪) શ્રી ઇશ્વરભાઇ પટેલ : ૯૪૨૭૬૩૬૭૧૨

ખાસ સુચના :- (૧) ઓનલાઈન KMK ID નંબરવાળા સ્પર્ધકોને જ સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે(૨) સ્પર્ધાના દરેક ખેલાડીઓએ ઓનલાઈન રજીસ્ટ્રેશન પહોંચ ઉપર ફોટા ચોંટાડી ફરજીયાત સાથે લાવવાની રહેશે. અથવા એલીજીબીટી ફોર્મમાં ફોટા સાથે પોતાના જિલ્લાના DSO શ્રી ના સહી-સિક્કા કરાવી લાવવાના રહેશે. (3) સ્પર્ધા સ્થળે શિસ્તબદ્ધ રીતે વર્તવાનુ રહેશે. અશિસ્ત કરનાર વ્યક્તિ કે ટીમને સ્પર્ધામાંથી બાકાત કરવામાં આવશે (૪) નિવાસ સ્થળે નિયત ડિપોઝીટ જમા કરાવવાની રહેશે. સ્પર્ધા પૂર્ણ થયે જરૂરી ચીજ વસ્તુ જમા કરાવ્યા બાદ ડિપોઝીટ પરત કરવામાં આવશે. (૫) ઋતુ અનુસાર ઓઢવાનું પોતાની સાથે લાવવાનું રહેશે. તેમજ ખેલાડીઓએ કિંમતી સામાન સાથે લાવવો નહીં અન્યથા જવાબદારી તેની પોતાની રહેશે. (૬) ભાગ લેનાર ખેલાડીઓના જન્મ તારીખ/રહેઠાણના જરૂરી પુરાવા સાથે લાવવાના રહેશે.(૭) આ સ્પર્ધા બેડમિન્ટન એસોસિએશનના નિયમ પ્રમાણે રમાડવાની રહેશે.(૮) આ સ્પર્ધા નોક-આઉટ ધોરણે રમાડવામાં આવશે.(૯) ઓપન, અબવ-૪૦, અબવ-૬૦ વય જુથ માં સીંગલ્સ ઈવેન્ટમાં એક જિલ્લામાંથી ૨ ખેલાડીઓ ભાગ લઈ શકશે. તથા ડબલ્સ અને મીક્ષ ડબલ્સ ઈવેન્ટમાં એક જિલ્લામાંથી ૧ ટીમ ભાગ લઈ શકશે. (૧૦) ખેલાડીઓ કોઈ પણ એક જ વય જુથમાં ભાગ લઈ શકશે.(૧૧) ભાગ લેનાર ખેલાડીઓએ ફરજીયાત આધાર કાર્ડ લાવવાના રહેશે.(૧૨) કોચ કમ મેનેજર સિવાય ખેલાડીઓ સાથે આવનાર વાલી કે શિક્ષકને કોઈ પણ જાતની વ્યવસ્થા આપવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી.

જીલ્લા રમતગમત અધિકારી
સુરત શહેર

નકલ રવાના સવિનય જાણ સારૂ:-

(૧) માન.સચિવશ્રી-રમતગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ,ગાંધીનગર
(૨) માન. કમિશનરશ્રી, યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ,ગાંધીનગર
(3) માન. સચિવશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત.
(૪) માન.મ્યુ.કમિશનરશ્રી સુરત મહાનગરપાલિકા
(૫) માન. કલેકટરશ્રી,સુરત
(૬) માન.પોલીસ કમિશનરશ્રી, સુરત શહેર
(૭) માન.જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,સુરત
(૮) માન.શાસનાધિકારીશ્રી, ન.પ્રા.શિ.સ, સુરત
(૯) નાયક માહિતી નિયામકશ્રી સુરત,સ્પર્ધાની બહોળી પ્રસિધ્ધી કરવા સારૂ.
(૧૦) માન.આચાર્યશ્રી,ઉધના સીટીઝન કોમર્સ કોલેજ, સુરત
(૧૧) નોડલ અધિકારીશ્રી, ખેલ મહાકુંભ-૨૦૧૬ બેડમિન્ટન રાજ્યકક્ષા ભાઈઓ/બહેનો સ્પર્ધા.
(૧૨) પ્રમુખ/મંત્રીશ્રી ગુજરાત બેડમિન્ટન એસોસિએશન,
(૧૩) ચીફ ટેક્નીકલ ઓફિસીયલ્સશ્રી.................................................... ગુજરાત રાજ્ય બેડમિન્ટન એસોસિએસન, અમદાવાદ,
સ્પર્ધાના આયોજન માટે ઉપસ્થિત રહેવા વિનંતી સહ..

Scanned by CamScanner